Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

ક્ષમા એ શક્તિશાળી શસ્ત્ર છે, તેનો ઉપયોગ દુશ્મનોને મિત્ર બનાવવા માટે કરો.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Year - 22 ● Issue No. - 257 ● 1st February 2025 Price Rs. 2/- ● Pages-20

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ


**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ.પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા).........(સમોડા)


## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

મકરસંક્રાંતિ આવી અને ગઈ. શીખ દેતી ગઈ કે પ્રગતિનો પતંગ ઊંચે-ઊંચે ચગાવ્યા કરવો. ૨૦૨૫ની શરૂઆતથી દેશમાં ક્રમે ક્રમે પ્રસરી રહેલ એચએમપીવી વાયરસ-રોગચાળાથી બચવા સાવધાની રાખવી ઘટે.

પરિવાર પત્રિકાના બીજે પાને નીચેના ભાગમાં લણવા નિવાસી સ્વ.વિમળાબેન અને સ્વ.રસીકલાલ ચીમનલાલ શાહની પુણ્યસ્મૃતિમાં દર મહિને તેમના ફોટા અને નામ સાથે સુવાક્ય છપાય છે. તેનો લાભ તેમના સુપુત્રી ચિ.સરોજબેન મુકેશભાઈ શાહે, એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ સુધીનો લીધેલ છે. તેની મુદ્દત માર્ચ-૨૦૨૫માં પુરી થાય છે. જ્ઞાતિમંડળ આ પરિવારનો અભિનંદન સહ આભાર માને છે. હવે એપ્રિલ-૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ સુધી આ યોજના માટે દાતા આવકાર્ય છે. તેનો નકરો રૂા.૨૧૦૦૦ છે. જે જ્ઞાતિબંધુ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે પોતાનું સંમતિપત્ર, વહેલી તકે જ્ઞાતિમંડળના કાર્યાલયે સીલબંધ કવરમાં મોકલવા વિનંતી.

શુભલગ્ન યોજના અંતર્ગત આપણી જ્ઞાતિનું એક શુભલગ્ન તા.૧૯-૦૧-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે. તેની વિગત ફોટા સાથે આ અંકમાં અન્યત્ર છાપેલ છે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી)ના નામે કાયમી ધોરણે ચાલતી સાધર્મિક સહાય યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા રાઉન્ડમાં ૩૪ કુટુંબના ૯૫ જ્ઞાતિજનોને, તેમના ઘેર બેઠાં જીવન-જરૂરિયાતની ખાદ્ય સામગ્રી પહોંચાડવામાં આવેલ છે. તેનો કુલ અર્થ રૂા.૧,૫૩,૮૩૦ થયેલ છે. તેમજ જ્ઞાતિજનો તરફથી અનુમોદના ક્ષેત્રે આવેલા દાનમાંથી દરેક પરિવારને રૂા.૬૫૦ની રોકડ સહાય આપેલ છે.

ઉપરોક્ત રોકડ રકમ રૂપે અપાતી આર્થિક સહાય (અનુકંપા દાન) માટે (૧) શ્રી પ્રમોદભાઈ નવનીતલાલ ગાંધી (રણુંજ) રૂા.૫૪૦૦ (૨) શ્રી સંજયભાઈ ભાઈલાલભાઈ શાહ (પિંઢારપુર) રૂા.૫૪૦૦ (૩) શ્રી રમેશભાઈ નરોત્તમદાસ શાહ (ઉનાવા) રૂા.૫૫૦૦ અને (૪) શ્રી સરલાબેન હસમુખલાલ શાહ (બોકરવાડા) રૂા.૫૦૦૦ મળેલ છે. વિશેષમાં શ્રી પ્રમોદભાઈ નવનીતલાલ ગાંધી (રણુંજ) તરફથી દરેક સાધર્મિક કુટુંબને શ્રીફળની પ્રભાવનાથી ભક્તિ કરેલ છે.

આ સાધર્મિક સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિમંડળ તરફથી વર્ષમાં બે વખત સાધર્મિક પરિવારોને ખાદ્યસામગ્રી આપવામાં આવે છે. તેની સાથે આપણી જ્ઞાતિના કોઈ વ્યક્તિને રોકડ રકમની આર્થિક સહાય (અનુકંપા દાન) આપીને સહભાગી થવાની ઈચ્છા હોય આપ ઉદારદિલ દાતાઓ દાન આપશો તેવી નમ્ર વિનંતી છે.

**જ્ઞાતિજનોને વિનંતીપૂર્વક નમ્ર નિવેદન :-**

● પરિવાર પત્રિકામાં પ્રકાશિત કરવા માટે કોઈપણ જ્ઞાતિજનને જાહેરાત સ્વરૂપે કે સાધર્મિક, શૈક્ષણિક, મેડીકલ સહાયમાં કે શુભલગ્નમાં કે સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ વગેરેમાં દાન, ભેટ આપવાની ભાવના હોય કે ધાર્મિક સમાચાર આપવાના હોય કે મંતવ્ય/અભિપ્રાય આપવો હોય તો તેમણે મહેરબાની કરીને

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)**



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**

**(મોઢેરા) અમદાવાદ**

**જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩**

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

પોતાનું નામ, ગામ, સરનામું, મોબાઈલ નંબર અથવા તેમણે પોતાના કોઈ સગા-સંબંધી મારફતે ઉપરોક્ત બાબતે મેટર મોકલવું હોય તો તેમનું પણ નામ, ગામ, મોબાઈલ નંબર જ્ઞાતિના કાર્યાલયમાં આપવા ખાસ વિનંતી છે.

ઉપરોક્ત મેટર, શક્ય હોય તો દર મહિનાની પંદરમાં તારીખ સુધીમાં કાર્યાલયે પહોંચતું કરવું. માસની આખર તારીખમાં મોકલાવેલું મેટર કદાચ આગામી અંકમાં પ્રકાશિત ન પણ થાય તો તે માટે દરગુજર કરશો. તે મેટર તે પછીના અંકમાં યોગ્યતા મુજબ પ્રકાશિત કરવામાં આવશે.

● સમગ્ર જ્ઞાતિમાંથી આપણા કોઈપણ જ્ઞાતિજનનું અવસાન થાય ત્યારે તેના સમાચાર જે તે પરિવાર, શ્રી જગતભાઈ બી. ગાંધી (સમોડા) ને વોટ્સએપ કે ઈ-મેઈલ દ્વારા મોકલાવે છે અને આ યુવાન આ સમાચાર જ્ઞાતિના સોશ્યલ મિડિયાના માધ્યમથી વોટ્સએપ દ્વારા મોડી રાત્રે પણ તરત સમાજના દરેક જ્ઞાતિજનને મળે તે રીતે પ્રસારિત કરે છે. આ એક સેવા છે.

ભાવેશભાઈ એમ. શાહ- માનદ્‌મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

**શુભલગ્ન** **તા.૧૯-૦૧-૨૦૨૫**



અ.સૌ.શ્રી જીજ્ઞાબેન તથા શ્રી શિરીષભાઈ (વિસનગર-હાલ: અમદાવાદ)ના સુપુત્રી ચિ. નિયતિના શુભલગ્ન અ.સૌ. જીજ્ઞાબેન તથા ચિરાગભાઈ શાહ (ગામ-પરઢોલ)ના સુપુત્ર ચિ. વર્શિલ સાથે તા.૧૯-૦૧-૨૦૨૫ને રવિવારે અમદાવાદ જ્ઞાતિમંડળની શુભલગ્ન યોજના અંતર્ગતના હોલમાં યોજવામાં આવેલ. જ્ઞાતિમંડળ આ નવદંપતિને આશિર્વાદ સહ શુભેચ્છા પાઠવે છે.



**વિમળાબેન રસિકલાલ શાહ**

**(લણવા - પૂના)**

જન્મ તા.૧૭-૧૦-૧૯૩૪ ❖ સ્વ.૦૫-૧૦-૨૦૦૫

**પરિસ્થિતિ જ્યારે વિપરિત હોય ત્યારે પ્રભાવ અને પૈસા નહિ પણ સ્વભાવ અને સંબંધ કામ આવે છે.**

**રસિકલાલ ચિમનલાલ શાહ**
**સરોજ મુકેશ શાહ ● મુકેશ જે. શાહ**
**જીગર ● હિમાંદ્રી ● મોલિક ● આનલ**
**રીયા-કહાન-વિહા**
**(ભાલક)**

# ગૌરવ સહ અનુમોદના



શ્રી રાજનગર જૈન શ્વેતાંબર ધાર્મિક ઈનામી પરીક્ષા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સમગ્ર અમદાવાદ શહેરમાં ચાલતી પાઠશાળાના બાળકોની ઉંમર પ્રમાણે ધાર્મિક-સમ્યક્ જ્ઞાનની આયોજિત પરીક્ષામાં ધોરણ-૧ની પરીક્ષામાં અમારી ચિ.**રેયાંશી** અર્પણકુમાર મયંકકુમાર શાહે (ઉં.વ.૭) ૧૦૦ માર્કસમાંથી ૯૯ માર્કસ મેળવી સમગ્ર અમદાવાદ શહેરમાં પ્રથમ સ્થાન મેળવેલ છે તે બદલ સંસ્થા દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

ચિ. **રેયાંશી**ની આ સિદ્ધિ બદલ અમો પરિવારજનો પણ ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ તથા તેની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

ચિ.**રેયાંશી** ધાર્મિક ક્ષેત્રે હજુ પણ ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

લી.
સ્વ. શારદાબેન વિનયચંદ્ર ચંદુલાલ શાહ
(વિસનગર-અમદાવાદ) સમગ્ર પરિવાર

## પરિવાર પત્રિકાની નવી સંપાદન સમિતિનું સ્વાગત કરું છું.....



અમદાવાદ જ્ઞાતિ મંડળના ઉપક્રમે પ્રગટ થતા સામયિક 'પરિવાર પત્રિકા'ના માધ્યમથી આપણે સૌ પરસ્પર વધુ નિકટ થયા છીએ.

છેલ્લાં ૨૧-૨૨ વર્ષથી આ માસિકનું સંપાદન કાર્ય સંભાળવાની તક આપવા બદલ હું જ્ઞાતિ મંડળનો ખૂબ ખૂબ આભાર માનું છું.

પરિવાર પત્રિકાના વાચકો અને પરિવાર પત્રિકાની સંપાદન સમિતિ તેમજ વિશેષ કરીને મને સતત સહકાર, હૂંફ અને માર્ગદર્શન આપતા સહ સંપાદક શ્રી બકુભાઈ ગાંધીનો હું આભાર માનું છું.

કોઈ પણ પબ્લિકેશનની સફળતા તેની લોકપ્રિયતા ઉપર આધારિત હોય છે અને લોકપ્રિયતા તેના વાચકવર્ગના પ્રતિસાદ ઉપર આધારિત હોય છે, માટે આ 'પરિવાર પત્રિકા'ની સફળતાના ખરા હક્કદાર આપ સૌ જ્ઞાતિજનો-વાચકો છો.

પરિવાર પત્રિકાની નવી સંપાદન સમિતિ સમાજ-ઉપયોગી લેખનસામગ્રી પીરસશે તેવા વિશ્વાસ સાથે તેનું સ્વાગત કરું છું.

પ્રમોદ એન. ગાંધીના સ્નેહ-વંદન
પૂર્વ સંપાદક : 'પરિવાર પત્રિકા'

# ધાર્મિક સમાચાર

✤ સ્વ.શ્રી મહેન્દ્રભાઈ મણીલાલ શાહ (ભાલક) અને તેમના ધર્મપત્ની સ્વ.પદમાબેન મહેન્દ્રભાઈ શાહની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમજ તેઓશ્રીના આત્મશ્રેયાર્થે તા.૫-૦૧-૨૦૨૫ના રોજ શ્રી વાસુપૂજ્ય જિનાલય, સરખેજ ખાતે શ્રી સિદ્ધચક્ર પૂજન સ્વર્ગસ્થશ્રીઓના પરિવાર દ્વારા ભણાવવામાં આવ્યું હતું. આ માંગલિક પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો તથા આ પરિવારના સગાં-સંબંધી સ્નેહીજનોને હાજરી આપી ભાવપૂર્વક ભક્તિ કરી હતી.

---

✤ શ્રી પીંઢારપુરા મુકામે પોષ સુદ ૧૩ને શનિવાર તા.૧૧-૧-૨૫ના રોજ શ્રી પદ્મપ્રભુ સ્વામી ભગવાનની ૬૧મી સાલગીરી ધામધૂમથી ઉજવવામાં આવી. દર વર્ષ કરતા આ વર્ષે દરેકનો સહકાર અને ઉત્સાહ વધારે હતો. આ દિવસે ૧૦૦ વ્યક્તિની હાજરીમાં દાતાશ્રીનું વાજતે ગાજતે બહુમાન કરવામાં આવ્યું ત્યારબાદ સવારે નવકારશી, સ્નાત્ર પૂજા તથા અઢાર અભિષેક પાટણથી વિધિકારક તથા સંગીતકાર દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ વૈદિક મંત્રોચાર સાથે ધ્વજારોહણ સંપન્ન થયું. ત્યારબાદ બપોરનું જમણ અને ભવ્ય આંગીથી દેરાસર શણગારવામાં આવ્યું. ગામમાં લાડવાની પ્રભાવના કરવામાં આવી. ખાસ વિશેષતા એ હતી કે આ સમગ્ર ધાર્મિક અનુષ્ઠાન દરમ્યાન દેરાસરના શિખર પર, સીડી પર તથા આજુબાજુમાં પાર્કિંગ સ્થળ પર રહેલા વ્હીકલ પર કેસરના છાંટણા થયેલ. શ્રી પીંઢારપુરાના અમદાવાદ, મુંબઈ, સુરત થઈને ૫૧ ઘર છે.

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

## અહેવાલ

અમદાવાદ મહિલા મંડળ દ્વારા મહિલા મંડળની બહેનો માટે દાબડા ઉજાણીનો પ્રોગ્રામ તા.3-૧-૨૫ના શુક્રવારના રોજ જ્ઞાતિના હોલ પર રાખવામાં આવેલ હતો. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં જ્ઞાતિની બહેનોએ હાજરી આપી હતી. તેમાં ફાલ્ગુની બેને ગેમ રમાડી હતી અને સોનલ બેને હાઉસી રમાડી હતી.

પ્રોગ્રામની શરૂઆતમાં મંડળના આદ્યસ્થાપક ઉર્મિલાબેન શાહે નવા પ્રમુખ તથા નવી કમીટીની ઉપસ્થિત બહેનોને ઓળખાણ કરાવી અને આભાર વ્યક્ત કર્યો હતો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દેવલબેન શાહે પધારેલ બહેનો તથા કમીટી સભ્યોનો આભાર વ્યક્ત કરી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ગેમ અને હાઉસી રમ્યા. ત્યારબાદ દરેક બહેનોએ દાબડા ઉજાણી તથા ચા-કોફીની મજા માણી હતી. ત્યારબાદ બધાં છુટા પડ્યા હતા.

સોનલ એસ. શાહ-મંત્રી ● પીન્કી એસ. શાહ-સહમંત્રી

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

## "ધન તમારું સાધન છે, ધર્મ તમારું લક્ષ્ય છે."

કુદરતે સજીવોને હવા, પાણી અને પ્રકાશ મફત આપેલા છે. માનવીની પ્રાથમિક-પાયાની જરૂરિયાતો છે ખોરાક, વસ્ત્રો, રહેઠાણ આ ત્રણ બાબતો માટે માનવીને ધન-નાણાં કમાવવા જ પડે. માત્ર દિગંબરને અને અમુક સાધુ-સંતોને ધન પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવાની જરૂર ન પડે. કેટલાક કથાકારો અને ઉપદેશકો તેમના પ્રવચનમાં જનતાને એવો ઉપદેશ આપતા હોય છે કે તમે ધનનો મોહ ત્યજી દો નહિતર તમને સ્વર્ગ કે વૈકુંઠ કે મોક્ષ પ્રાપ્તિ નહિ થાય. પરંતુ વિડંબના એ છે કે એવા કથાકારો કથા કરવાના લાખો રૂપિયા વસૂલે છે. સાધુ-સંતો પણ દાનવીરોએ આપેલા (પરોક્ષ રીતે) ધન ભેગું કરીને કે કરાવીને ખર્ચાળ મહોત્સવોની ઉજવણી કરાવીને વાહવાહી કરાવે છે તે કડવું સત્ય સર્વને સુવિદિત છે. ભલે તેઓ કહેતા હોય કે ખાલી હાથ આવ્યા છીએ ને ખાલી હાથે જવાનું છે છતાં સંસારી એવા આપણે તો સ્વીકારવું જ પડે કે ધન કમાવું એ માત્ર આવશ્યક નહિ અનિવાર્ય છે. તે વિના સાંસારિક-સામાજિક પ્રવૃત્તિ નિભાવવી શક્ય નથી.

आयु: कर्म च वित्तं य विद्या
निधणम् एन च ।
पंचै तान्यपि सृज्यन्ते गर्भस्थस्यैव देहिन: ॥

આયુષ્ય, કર્મ, સંપતિ, વિદ્યા અને મરણ આ પાંચ બાબતો દેહધારી માનવ માટે ગર્ભાવસ્થાથી જ નક્કી થઈ જાય છે.

સમાજમાં એવું કહેવાય છે કે તે સાચું છે કે નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ. જો તમારી પાસે સંપતિ છે તો સમાજમાં તમારી કિંમત છે.

વન વિષે એક રમુજી શ્લોક એવો છે કે

दुन्दुभिस्तु सुतराम् अचेतन
तन्मुखादपि धनं धनं धनं ।
इत्थमेव निनद: प्रवर्तते किं
पुनर्यदि जन: सचेतन ॥

નગારું સાવ જડ હોવા છતાં તે ધન-ધન-ધન બોલ્યા કરે છે તો ચેતનવંતા માનવી પણ એ જ વિચાર્યા કરે તેમાં શી નવાઈ?

ઉપદેશકો ભલે પૈસાને હાથનો મેલ કહેતા હોય પણ તે મેલ વિના કોઈ પણ ગૃહસ્થને ચાલે તેમ નથી કારણ કે लक्ष्मी यस्य गृहे स एव भजति प्रायो जगद्वन्धाताम् । જેના ઘરમાં લક્ષ્મી (ધન) હોય તેને જ આખું જગત વંદન કરે છે. ભર્તુહરિના 'નીતિશતક'નો, નિમ્નલિખિત આ શ્લોક પણ અફર સત્ય બતાવે છે.

यस्यास्ति वित्तं स नर: कुलीन स
पाण्डित स श्रुतवान गुणज्ञ: ।
स एव वक्ता स च
दर्शनीय: सर्वे गुणा: कांचनमाश्रयन्ते ॥

જેની પાસે ધન છે એ જ કુળવાન, પંડિત, સજ્જન, ગુણવાન, વિદ્વાન, વક્તા અને સુંદર ગણાય છે. તમામ ગુણો સુવર્ણ યાને ધન પર આધારિત છે.

धनै: निष्कुलीना कुलीना भवन्ति,
धनै: आपदं मानवा निस्तरन्ति ।
धनैभ्य: परो बान्धवो नास्ति लोके
धनान्यर्जयध्वं धनान्यर्जयध्वं ॥

કુલહીન માણસો પણ ધન મળતાં કુળવાન ગણાય છે. ધનથી માનવી આફત તરી જાય છે. ધનથી મોટો બંધુ આ જગતમાં બીજો નથી માટે ધન કમાઓ, ધન કમાઓ. ભલે કોઈ ભક્તકવિએ ગાવું હોય કે "ઓલ્યા લોભિયા લાગ્યા છે ધન ભેગું રે કરવા,"

પરંતુ આ જગત ધન ઉપર જ આધાર રાખે છે. धन मूलम् इदम् जगत् । ધનવાન બહુમાન પામે છે. નિર્ધન લઘુતા પામે છે. આ કળિયુગની કડવી વાસ્તવિકતા એ પણ જોવા મળે છે કે ભ્રષ્ટાચારી, અપરાધી, કૌભાંડી, અસામાજિક તત્ત્વો પાસે જો અઢળક ધન હોય તો સમાજમાં તેઓ આદર-સન્માન પામે છે. માનવી પાસેથી ધન જતું રહે, અમીરીમાંથી ગરીબીમાં આવી જાય ત્યારે સ્વજનો, મિત્રો... ઘણું કરીને દૂર ભાગે છે. સંબંધ ઘટાડી દે છે.

દીકરીની સગાઈ કરવા માટે ભલે એમ મનાતું હોય - કહેવાતું હોય કે સામેનું પાત્ર અને તેનું કુટુંબ સંસ્કારી, ખાનદાન હોય તો નક્કી થાય, પણ તે પાત્ર જો સારું કમાતું ન હોય કે કુટુંબ પૈસે ટકે સુખી ન હોય તો ઘણું કરીને વાત આગળ વધતી નથી એ કટુ સત્ય છે.

ધનની ત્રણ ગતિ છે : (૧) દાન (સત્કાર્યમાં) (૨) ઉપભોગ (૩) નાશ. તમારા પ્રારબ્ધથી અથવા પરિશ્રમથી તમને ધન મળ્યું છે તો દાન કરો, સપરિવાર ભોગવી લો નહિતર તે ધન નાશ પામે છે. માટે કહેવાયું છે કે કંજૂસનું ધન કાંકરા બરાબર. કોઈ વ્યક્તિને વારસામાં ગમે તેટલી સંપતિ મળી હોય છે પોતે પણ કમાતો હોય પણ જો તે વ્યક્તિ દારૂ, જુગાર કે વ્યસનમાં વેડફે તો તે સંપતિ ખૂટી જતાં વાર નથી લાગતી.

યુવાનીમાં જ ધન કમાઈ લેવું જોઈએ. લક્ષ્મી તો ઉદ્યમી, દાનવીર અને સદાચારીને વરે છે અને સ્થિર થાય છે. સુપાત્રને આપેલા થોડા દાનથી પણ ઘણું પુણ્ય મળે. લક્ષ્મી ચંચળ છે. अन्यमाश्रयते लक्ष्मी: । લક્ષ્મીજી (એકને ત્યજીને) બીજાને આશ્રયે જાયે છે. જે સંપતિ ઘમંડ ન લાવે તે જ સાચી સંપતિ છે. ધન લાલસાનો કોઈ અંત નથી. ધન પ્રાપ્તિની લાલસા એવી બાબત છે કે માનવી વધુને વધુ પ્રાપ્ત કરવા જતાં સ્વાસ્થ્ય ગુમાવે કે સંબંધોમાં કડવાશ આવે કે ધર્મકાર્યમાં અડચણરૂપ થાય એ ધનના લોભનાં દુષ્પરિણામો છે.

धनेषु जीवितव्येषु स्त्रीषु भोजन वृत्तिषु ।
अतृप्ता मानव: सर्वे याता
यास्थान्तियान्ति च ॥

ધન, જીવન, સ્ત્રીભોગ અને ભોજન આ ચાર બાબતોમાં માનવી ભૂતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ અતૃપ્ત રહે છે. માટે સંતોષ ગુણ પરં ધનમ્

જીવન નિર્વાહ અને સાંસારિક કર્તવ્યો પૂર્ણ કરવા જેટલું ધન કમાઈ લીધું હોય પછી માનવીએ એક તબક્કે ધન પ્રાપ્તિની લાલસા પર પૂર્ણવિરામ મૂકવું હિતાવહ છે. લોભને થોભ ન હોય. જીવનના અંતિમ સમયે ધન નહિ, ધર્મ કામ આવે.

આચાર્યશ્રી રાજરત્ન સૂરિશ્વરજી મ.સા. લખે છે કે સંપતિને ભોગવિલાસમાં ખર્ચવી એ તેનો વેડફાટ છે, સાંસારિક કાર્યોમાં વાપરવી એ તેનો વપરાશ છે અને સત્કાર્યો, ધર્મમાર્ગે વાપરવી એ વાવેતર છે. સમજુ માનવી વાવે વધુ, વાપરે ઓછું અને લગભગ વેડફે નહિ.

આચાર્યશ્રી કલ્યાણબોધિ સૂરિશ્વરજી મ.સા. ધન અને લક્ષ્મીનો તફાવત સમજાવતાં કહે છે કે "ધન સુખ મેળવવાનું સાધન હોઈ શકે. લક્ષ્મી નહીં. લક્ષ્મી તેને કહેવાય કે જે સારા રસ્તેથી આવે અને સાચા રસ્તે વપરાય. એટલે લક્ષ્મીને ભોગ્યા નથી કીધી પણ પૂજ્યા કીધી છે. જેને ભોગવીને સુખી થવાય તે નહીં, પણ પુંજીને પવિત્ર થવાય તે લક્ષ્મી. આપણે ધનપતિ કે લક્ષ્મીપતિ"?

બકુભાઈ સી. ગાંધી (સમોડ)-સંપાદક ● રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૦૨૭

## કો.ઓપરેટ સભ્ય



ડૉ. જીતેન્દ્ર બાબુભાઈ ગાંધી
રણુંજ
મો.: ૯૮૭૯૬૩૬૦૧૦



નીતિન રજનીકાંત શાહ
બોકરવાડા
મો.: ૯૮૨૪૬૧૧૦૬૨



નયનભાઈ રસિકલાલ શાહ
તરભ
મો.: ૯૪૨૯૦૦૪૦૫૨



ડૉ. ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ
ઉનાવા
મો.: ૯૩૨૭૦૩૮૮૦૩

## સલાહકાર સમિતિ



દિલીપભાઈ ભોગીલાલ શાહ
ભાલક
મો.: ૯૮૨૪૦૩૮૧૩૦



સુરેશભાઈ રસિકલાલ ગાંધી
રણુંજ
મો.: ૯૯૨૫૧૪૭૪૨૧



વિભાકરભાઈ જયંતિલાલ શાહ
ઉઢ્ઢાવા
મો.: ૯૮૨૫૦૬૭૫૧૫



પ્રમોદભાઈ નવનીતલાલ ગાંધી
રણુંજ
મો.: ૯૩૨૭૦૦૭૦૫૪




સુબોધભાઈ જયંતિલાલ શાહ
લણવા
મો.: ૯૯૨૪૩૧૯૨૦૦

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૦૨૭

### શુભ લગ્ન સમિતિ


ભાઈલાલભાઈ એન. ગાંધી-કન્વીનર
સમોડા
મો.: ૯૯૨૫૭૨૭૩૨૪


મિહિરભાઈ હિંમતલાલ શાહ-સહકન્વીનર
બોકરવાડા
મો.: ૯૮૯૮૨૫૮૫૧૫


અજયભાઈ એમ. શાહ
ભાલક
મો.: ૯૪૨૬૫૦૬૧૪૯


કલ્પેશભાઈ રસીકલાલ શાહ
દેણપ
મો.: ૯૪૨૬૫૫૧૫૧૨


જશવંતલાલ પોપટલાલ શાહ
ભાલક
મો.: ૯૯૭૪૭૧૬૫૮૪

### સમાજ જાગૃતિ અને કલ્યાણ યોજના સમિતિ


ચિરાગભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ-કન્વીનર
ઉનાવા
મો.: ૯૩૨૭૦૩૮૮૦૩


અજયભાઈ મહેન્દ્રભાઈ શાહ-સહ કન્વીનર
ભાલક
મો.: ૯૪૨૬૫૦૬૧૪૯


જશવંતલાલ પોપટલાલ શાહ
ભાલક
મો.: ૯૯૭૪૭૧૬૫૮૪


મુકેશભાઈ સુમતીલાલ શાહ
ઉનાવા
મો.: ૯૮૨૪૧૬૨૮૧૮


મીનાબેન વિભાકરભાઈ શાહ
ઉનાવા
મો.: ૯૮૭૯૧૧૦૭૬૨

### સાધર્મિક સહાય સમિતિ


રાજેશભાઈ ચીનુભાઈ શાહ-કન્વીનર
ભાલક
મો.: ૯૪૦૮૭૫૮૦૩૪


નિશિતભાઈ અશોકભાઈ શાહ-સહ કવીનર
ઉનાવા
મો.: ૯૮૨૫૩૬૫૭૭૭


મુકેશભાઈ સુમતીલાલ શાહ
ઉનાવા
મો.: ૯૮૨૪૧૬૨૮૧૮


યોગેશભાઈ ગુણવતભાઈ શાહ
દેણપ
મો.: ૯૮૯૮૦૦૬૩૫૮


કમલેશભાઈ કેશવલાલ ગાંધી
રણુંજ
મો.: ૯૮૨૪૦૯૨૮૩૧

### સમ્યગ્ જ્ઞાન સમિતિ


અંજનાબેન વિક્રમભાઈ ગાંધી-કન્વીર
રણુંજ
મો.: ૯૩૨૭૭૪૪૪૦૫


નીતિનભાઈ રીખવચંદ શાહ-સહ કન્વીન
રણુંજ
મો.: ૯૪૨૮૮૧૪૦૩૩


પાર્થભાઈ શૈલેશભાઈ શાહ
દાણોદરડા
મો.: ૯૪૦૮૬૦૮૬૦૪


આશાબેન રમેશભાઈ શાહ
કમાણા
મો.: ૯૪૨૬૬૩૪૧૭૫


પ્રીતિબેન ભાવેશભાઈ શાહ
ભાલક
૯૪૨૯૦૨૪૩૪૮

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૦૨૭

### પરિવાર પત્રિકા સમિતિ


બકુભાઈ છગનભાઈ ગાંધી-સંપાદક
સમોડા
મો.: ૯૮૨૫૦૯૬૪૪૪


રમેશભાઈ સી. શાહ-સહસંપાદક
કમાણા
મો.: ૯૪૨૬૩૮૪૨૭૫


વિજયભાઈ કે. શાહ
બોરીયાવી
મો.: ૯૯૯૮૬૦૨૮૯૬


ભાઈલાલભાઈ એન. ગાંધી
સમોડા
મો.: ૯૯૨૫૭૨૨૩૨૪


ભાવેશભાઈ એમ. શાહ
ભાલક
મો.: ૯૪૨૭૭૦૨૦૮૦


જસવંતભાઈ પી. શાહ
ભાલક
મો.: ૯૯૭૪૭૧૬૫૮૪


સંદીપભાઈ સુમતિલાલ શાહ
બોકરવાડા
મો.: ૯૮૨૫૭૮૭૫૪૯

### શૈક્ષણિક સમિતિ


સંદીપભાઈ સુમતિલાલ શાહ-કન્વીનર
બોકરવાડા
મો.: ૯૮૨૫૭૮૭૫૪૯


ઉન્મેષભાઈ નટવરલાલ શાહ-સહ કન્વીનર
ઉનાવા
મો.: ૯૪૨૬૩૪૯૪૦૭


રમેશભાઈ સી. શાહ
કમાણા
મો.: ૯૪૨૬૩૮૪૨૭૫


તેજસભાઈ સુમતીલાલ શાહ
ભાલક
મો.: ૯૮૨૪૬૪૦૫૫૫


અંકિતભાઈ અશોકભાઈ શાહ
ભાલક
મો.: ૯૯૨૪૧૨૨૦૬૦


ભરતભાઈ માધવલાલ શાહ
બોકરવાડા
મો.: ૯૪૨૮૦૪૭૭૨૫

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૦૨૭

### યુથ ફોરમ



જગતભાઈ બકુભાઈ ગાંધી-કન્વીનર
સમોડા
મો.: ૯૮૨૫૦૨૪૭૩૩



શાલીનભાઈ હરેશભાઈ શાહ-સહ કન્વીનર
ભાલક
મો.: ૯૩૨૭૫૫૯૦૪૨



ભાવિકભાઈ પન્નાલાલ શાહ
પીંઢારપુરા
મો.: ૯૮૨૭૫૫૭૫૩૪



કુનાલભાઈ હસમુખલાલ શાહ
તરભ
મો.: ૯૯૭૯૮૫૫૫૨૯



મયુરભાઈ જસવંતલાલ શાહ
રણુજ
મો.: ૯૪૨૬૧૭૩૩૮૩



રમેશભાઈ નરોત્તમદાસ શાહ
ઉનાવા
મો.: ૯૮૨૫૪૬૫૪૫૪



વિભાકરભાઈ જયંતીલાલ શાહ
ઉનાવા
મો.: ૯૮૨૫૦૬૭૫૧૫



સંદિપભાઈ પ્રમોદભાઈ શાહ
ભાલક
મો.: ૯૩૨૭૦૪૯૦૫૨



મયુરભાઈ કેશવલાલ શાહ
રણુંજ
મો.: ૯૪૨૬૧૭૧૮૩૮

### મેડિકલ સહાય સમિતિ



રમેશભાઈ નરસોત્તમદાસ શાહ-કન્વીનર
ઉનાવા
મો.: ૯૮૨૫૪૬૫૪૫૪



દિલીપભાઈ જેઠાલાલ શાહ
ખરોડ
મો.: ૯૮૨૫૫૭૮૭૩૩



ભવ્યકુમાર શાંતિલાલ શાહ
લુણવા-મંડાલી
મો.: ૮૦૦૦૦૩૩૬૩

# દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.સૂર્યકાન્ત કેશવલાલ શાહ (ઉનાવા)


સ્વ. સુશીલાબેન તથા સ્વ.સૂર્યકાન્ત કેશવલાલ શાહ (ઉનાવા)ની પુણ્ય સ્મૃતિમાં તથા તેમના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્રી ચિ. સાધનાબેને આપણી જ્ઞાતિના સાધર્મિક સહાયક ક્ષેત્રમાં જ્ઞાતિના સાધર્મિક બંધુઓ પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને, ખાદ્યસામગ્રી સાથે જે રોકડ રકમ અપાય છે તે આર્થિક સહાય પેટે રૂા.૨૧૦૦૦નું દાન આપેલ છે. આ પરિવારની વિશેષતા એ છે કે જાતે સામે ચાલીને દર વર્ષે જન્મતિથિ, મૃત્યુતિથિ નિમિત્તે અવારનવાર મોટી રકમનું દાન સાધર્મિક સહાયમાં કરતા રહે છે. વારસામાં મળેલ આ દાન-ધર્મના સંસ્કાર પામેલા સાધનાબેને પણ સમાજને દાન આપવાની પરંપરા ચાલુ રાખેલ છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ. પરમાત્મા સ્વ.સુશીલાબેન તથા સ્વ.સૂર્યકાન્તભાઈના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના. જ્ઞાતિમંડળ આ પરિવારનો આભાર માને છે.

**રૂ.૨૧,૧૧૧/-** શ્રીમતી સોનાલીબેન અને ડૉ. શ્રી મિતેશકુમાર ધીરૂભાઈ શાહ ( વિસનગર- અમદાવાદ ) ના સુપુત્ર ચિ. ઈશાનના શુભલગ્ન શ્રીમતી હીનાબેન અને શ્રી રાજીવકુમાર પ્રવિણચંદ્ર શાહની સુપુત્રી ચિ. કેનિયલ સાથે તા.૦૩-૦૧-૨૦૨૫ ના રોજ સંપન્ન થયેલ છે.આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂ.૨૧,૧૧૧/- ( અંકે રૂપિયા એકવીસ હજાર એકસો અગિયાર પુરા ) દાન આપેલ છે જેની ખુબ ખુબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે. ડૉ.મિતેષભાઈ ધીરુભાઈ શાહ (વિસનગર-હાલ અમદાવાદ) આપણી જ્ઞાતિના અત્યંત પ્રતિષ્ઠિત ડૉક્ટરનું અમદાવાદ સેટેલાઇ વિસ્તારમાં ગૌતમ મેડીકેર પોલીક્લીનીક નામનું ડાયગ્નોસ્ટીક સેન્ટર છે. ધાર્મિક ક્ષેત્રે પણ તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સીમંધર જિનાલય મહેસાણામાં ટ્રસ્ટી છે. કોરોના ઉપદ્રવના કપરા કાળમાં તેઓ જ્ઞાતિજનોને તેમના ઘેર બેઠા વિનામૂલ્યે દવા પહોંચાડતા હતા. તેમના સુપુત્ર ચિ.ઈશાન હાલમાં બ્રિસ્બેન-ઓસ્ટ્રેલિયા સ્થાયી થયેલા છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ નવદંપતિને આશીર્વાદ પાઠવે છે. મંડળ શ્રી મિતેષભાઈની ઉદારતાની ખૂબ અનુમોદના કરીને તેમને ધન્યવાન પાઠવે છે.

**રૂ.૧૧,૧૧૧/-** સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂ.૧૧,૧૧૧/- દાન..... શ્રીમતી સોનલબેન અને શ્રી દિપકકુમાર સુમતીલાલ શાહ (દેણપ-અમદાવાદ ) ની સુપુત્રી ચિ. ફાલસીના શુભલગ્ન શ્રીમતી સોનલબેન અને શ્રી જયેશકુમાર સોમાભાઈ શાહના સુપુત્ર ચિ. સન્નીકુમાર સાથે તા.૨૫-૦૧-૨૦૨૫ ના રોજ સંપન્ન થયેલ છે.આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે શ્રી દિપકકુમાર સુમતીલાલ શાહે સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂ.૧૧,૧૧૧/- ( અંકે રૂપિયા અગિયાર હજાર એકસો અગિયાર પુરા ) દાન આપેલ છે જેની ખુબ ખુબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે.

**રૂા.૧૧૦૦૦/-** શ્રીમતી સોનલબેન અને સંજયભાઈ મહેન્દ્રભાઈ (સમોડા) અમદાવાદના સુપુત્ર સોહિલના લગ્ન પ્રસંગે રુ. ૩૦૦૦/- તથા સાગરભાઈ રજનીકાંતભાઈ કાપડીયાની સુપુત્રી ચિં. આકાંક્ષાના લગ્ન પ્રસંગે રુ. ૨૫૦૦/- કુલ રુ. ૫૫૦૦/- રુપિયા અને શ્રીમતી સોનલબેન સંજયભાઈ શાહ (સમોડા) અમદાવાદની સુપુત્રી ચિં. શિખાના લગ્ન પ્રસંગે રુ. ૩૦૦૦/- અને શ્રી ફાલ્ગુનભાઈ નરેશભાઈ શાહના સુપુત્ર ચિં. વર્શીલ સાથેના લગ્ન પ્રસંગે રુ. ૨૫૦૦/- કુલ રુ. ૫૫૦૦/- રુપિયા આમ બન્ને પક્ષો તરફથી લગ્ન પ્રસંગે કુલ રુ. ૧૧૦૦૦/- સાધાર્મિક સહાય ખાતે મળવા પામેલ છે. જે સમાજ પ્રત્યેની લાગણીને બિરદાવતાં તેમનોશ્રીનો અંતઃકારણ પૂર્વક આભાર માનવામાં આવે છે. તેમજ નવ દંપતીને શુભ આશીષ પાઠવીએ છીએ.

**રૂા.૫૦૦૦/-**



શ્રી રસીકલાલ મંગળદાસ શાહ (મગુના હાલ દુબઈ)

શ્રી રસીકલાલ મંગળદાસ શાહે (મગુના હાલ દુબઈ) તેમના ધર્મપત્ની સ્વ.મંજુલાબેનની ચોથી પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક સહાય ક્ષેત્રમાં રૂા.૫૦૦૦નું દાન કરેલ છે. પરમાત્મા સ્વ.મંજુલાબેનના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રાર્થના.

શ્રી રસિકભાઈએ ૧૧ વર્ષની વયે મગુનાથી મુંબઈમાં સ્થાયી થયેલા. જ્ઞાતિજનોના સાથ-સહકારથી મલાડ-ગોરેગાંવ જ્ઞાતિમંડળની સ્થાપના કરેલી. ૧૦ વર્ષ સેવા આપેલી. યાદગાર સામાજિક કાર્યોમાં તેમણે ૪૭ જ્ઞાતિના બધા ગામોનાં જિનાલયો તથા સાધુ-સાધ્વીજીઓના ફોટા સાથે પુસ્તક તૈયાર કરાવીને સમગ્ર જ્ઞાતિબંધુઓને વહેંચેલું. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રી રસિકભાઈની સમાજસેવાને અભિનંદીને તેમનો ખૂબ આભાર માને છે.

**રૂા.૫૦૦૧/-** શ્રીમતી સોનલબેન અમિષભાઈ કીર્તીકુમાર શાહ (બોકરવાડા)ના સુપુત્ર ચિ.હેતના લગ્ન તા.૧૯-૧-૨૫ અને તા.૨૦-૦૧-૨૫ના રોજ શ્રીમતી હિનાબેન અને તુષારભાઈ કાનાનીના સુપુત્ર ચિ. ખુશ્બુ સાતે લગ્નગ્રંથીથી જોડાયા, આ પ્રસંગે તેઓશ્રી તરફથી રૂા.૫૦૦૧/- સાધાર્મિક સહાય ખાતે મળવા પામેલ છે. સમાજ પ્રત્યેની લાગણીને બિરદાવતા તેઓશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે. તેમજ નવદંપતીને શુભઆશિષ પાઠવીએ છીએ.

**રૂા.૨૫૦૦/-** શ્રી આર્જવભાઈ રમેશભાઈ શાહે (વડાવલી-હાલ અમદાવાદ) તેમના પૂજ્ય પિતાશ્રી સ્વ.રમેશભાઈ અમૃતલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે આપણી જ્ઞાતિના સાધર્મિક સહાય ક્ષેત્રમાં રૂા.૨૫૦૦નું દાન કરેલ છે. જ્ઞાતિમંડળ તેમની આ શુભ ભાવનાને બિરદાવીને તેમનો આભાર માને છે.



અમદાવાદ મંડળ યુવા સમિતિ દ્વારા તા.૨૧-૨૨ ડિસેમ્બરના રોજ અમદાવાદના લોર્ડ્ઝ સમા એસજીવીપી સંસ્થાના ક્રિકેટ મેદાન ઉપર ભવ્ય **Youth Premier League 2024 (Season IV)** ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ આ વખતે તા.૨૯ ડિસેમ્બરના રોજ અમદાવાદ સિવાયના અન્ય મંડળને પણ આવરી લેવાના આશય સાથે **Inter City Cricket Tournament** નું પણ આયોજન કરવામાં આવ્યું. જેનો ખૂબ જ ઉત્સાહપૂર્વક સર્વે જ્ઞાતિજનો દ્વારા જોવા મળ્યો. તેમજ ભાઈચારા અને જીતની કટિબદ્ધતા સાથે સર્વે ખેલાડીએ ભરપુર આનંદ માણ્યો.

સંપૂર્ણ ત્રણ દિવસીય ટુર્નામેન્ટનું યુટ્યુબ તેમજ ફેસબુક ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું. જેનો ગ્રાઉન્ડ ઉપર સર્વે પ્રેક્ષકોએ તેમજ વિવિધ શહેર અને વિદેશમાં રહેતા જ્ઞાતિજનોએ આનંદ માણ્યો. અંગ્રેજી કરવું પ્રમાણિત અમ્પાયર તેમજ સ્કોરર દ્વારા સંપૂર્ણ ટુર્નામેન્ટનું નિષ્પક્ષ રીતે સંચાલન પણ આ ટુર્નામેન્ટનું એક મહત્ત્વનું પાસું રહ્યું. કાર્યક્રમના ત્રણ દિવસ દરમ્યાન સવારના ૭ વાગ્યાથી દિવસના અંત સુધી ચા, નાસ્તા, અલ્પાહાર વગેરેનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું. આમ સંપૂર્ણ આયોજનને દરેક ખૂણેથી આવરી લેવાની અમારી સફળતામાં સર્વે જ્ઞાતિજનનો શિસ્તબદ્ધ સાથ પણ ખૂબ જ આવકાર દાયક રહ્યો.

**આ સંપૂર્ણ આયોજનની સફળતા માટે અમો સૌ સમિતિ સભ્યો નીચે મુજબ સર્વે સહાયકર્તાના અંતરથી આભારી અને ઋણી છીએ.**

- સર્વે અમદાવાદ મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદાર અને કારોબારી સભ્યશ્રીઓ
- સર્વે આમંત્રિત જ્ઞાતિજનો,
- રમતમાં ભાગ લેનાર સર્વે મેલ ખેલાડીઓ તેમજ ફીમેલ ખેલાડીઓ
- બહારગામથી આવનાર સર્વે ખેલાડી તેમજ મંડળ હોદ્દેદારને રહેવા માટેની સંપૂર્ણ સગવડ પૂરી પાડવા માટે ધર્મ રસિક વાટિકા અને તેના ટ્રસ્ટીશ્રી મયુરભાઈ ગાંધીનો પણ અમે આભાર માણીએ છીએ. સાથે સાથે મંડળના સભ્ય શ્રી ઉમેશભાઈ, સંદીપભાઈ અને શ્રી યોગેશભાઈ કે જેઓ પણ વિશિષ્ઠ સેવા આપીને અમોને મદદગાર બન્યા તે સૌના પણ અમે આભારી છીએ. શ્રીમતી ડૉ.રિદ્ધિ ક્ષિતિજ શાહ (પીંઢારપુર) કે જેઓએ Inter City Cricket Tournament દરમ્યાન Physio Therapist તરીકે પોતાની અમૂલ્ય સેવા આપીને દિવસ દરમ્યાન ઈજાગ્રસ્ત ખેલાડીને સારવાર આપી તેમના પ્રતિ પણ અમે આભાર વ્યક્ત કરીએ છીએ.
- નૈનેશ સુરેશચંદ્ર શાહ (પીંઢારપુર) કે જેણે બેનર ડિઝાઈનથી લઈને વિડિયો ક્લિપ થકી સમગ્ર આયોજનને સુંદર કવરેજ આપ્યું જેના થકી અમો આપ સૌને અમારા આ આયોજનથી માહિતગાર કરી શક્યા.
- સમગ્ર આયોજન દરમ્યાન પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે અમારી સાથે અમોને મદદરૂપ થનારા સૌ મિત્રોના પણ અમે આભારી છીએ.

વિશેષતા : અમો આભારી છીએ મુંબઈ મંડળના હોદ્દેદાર શ્રી લિગ્નેશભાઈ, જતિનભાઈ, સંજયભાઈ અને અતુલભાઈ, બરોડા મંડળના શ્રી પંકજભાઈ, તેમજ મહેસાણા મંડળના પ્રતિનિધિ તરીકે પધારેલ શ્રી જીતુભાઈ કે જે સૌ વડીલોએ સમગ્ર દિવસ દરમ્યાન હાજર રહીને ખેલાડીઓ તેમજ અમારા સૌના ઉત્સાહમાં અનેક ઘણો વધારો કર્યો.

અંતમાં આ સર્વથી વિશેષ અમારી સફળતાના હક્કદાર આપ સર્વે નીચે મુજબના દાતાશ્રીઓનો પણ અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ કે જેના સહકાર વગર આવું શાનદાર આયોજન શક્ય બનવું મુશ્કેલ હોત.

- સમગ્ર આયોજનમાટેના ચા, કોફી, નાસ્તા વગેરેના દાતા શ્રીમતી રીટાબેન રવીભાઈ ગાંધી (સમોડા), તેમજ શ્રી શૈલેષભાઈ નવીનચંદ્ર શાહ (ઉનાવા),
- ખેલાઈઓ માટેના ટી-શર્ટના દાતા શ્રી કુમારપાળ અંબાલાલ શાહ (મણંદ)
- પુરુષ ટીમ માટેની ટ્રોફીના દાતા સ્પ્રિંટ ગ્રુપ (જ્ઞાતિ ક્રિકેટ ટુર્નામેન્ટના પરિણામે એકત્રિત થયેલ યુવા ખેલાડીનું સહિયારું ગ્રુપ)
- મહિલા ટીમ માટેના દાતા શ્રીમતી ઉર્મીલાબેન હસમુખલાલ શાહ (ઉનાવા)
- ટીમ સ્પોન્સરશીપ દ્વારા સહાયરૂપ દાતાશ્રી
  - ✓ કૃણાલ હસમુખલાલ શાહ (તરભ)
  - ✓ સ્ટેલિઓન લેબોરેટરીસ, હસ્તે મયુર, સંજય અને વિજય શાહ (રણુંજ)
  - ✓ જયંતિલાલ એમ. શાહ ફેમિલી (લણવા) હસ્તે : સુબોધ જે. શાહ
  - ✓ કિંગ્સ વિલા હસ્તે – સમીર દિલીપભાઈ શાહ (ભાલક)
  - ✓ ચિંતન ભારતભાઈ શાહ (બોરિયાવી)
  - ✓ અમીત અશોકકુમાર શાહ (બોકરવાડા)
  - ✓ કુનાલ એમ. શાહ (બોકરવાડા)
  - ✓ સૂરીલી સંગત, જ્ઞાતિ સભ્યો દ્વારા સંચાલિત સંગીત કરાઓકે ગ્રુપ
  - ✓ શ્રીમતી મીના વિભાકર શાહ (ઉનાવા)
  - ✓ શ્રીમતી ભારતીબેન શશીકાંત શાહ (પીંઢારપુરા) હાલ લંડન
- તેમજ બેનર એડ દ્વારા અમારા આ ભગીરથ કાર્યમાં સહાયરૂપ થનારા સૌ દાતાશ્રી, સફળતાના હક્કદાર આપ સર્વેનો અમે સૌ અંતરના ઊંડાણથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ભાવિક, કૃણાલ, મયુર, રમેશ, શાલિન, વિશાલ, જગત, વિભાકરના પ્રણામ



**વિભાકર શાહ-કન્વીનર ● જગત ગાંધી-સહ-કન્વીનર**

## જ્ઞાતિજનનાં પ્રતિભાવ

### અમદાવાદ મંડળના પ્રમુખ, કારોબારી સભ્યો તેમજ યુથ ફોરમના સદસ્યો

અમદાવાદ કાતે યુથ ફોરમ દ્વારા સમગ્ર જ્ઞાતિની તાજેતરની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવા બદલ હૃદયપૂર્વક આભાર. યુથ ફોરમના સદસ્યોનું સમર્પણ, સખત મહેનત અને રમત પ્રત્યેનો જુસ્સો સમગ્ર ઈવેન્ટ દરમિયાન સ્પષ્ટ હતો. આ ટૂર્નામેન્ટ જબરદસ્ત સફળ રહી, અને તેનો ભાગ બનવાની તક માટે આભારી છીએ. તમારા પ્રયાસોએ પ્રતિભાશાળી ખેલાડીઓ, ઉત્સાહી કાર્યકરો અને સમુદાયની ભાવનાને એકસાથે લાવી જે ખરેખર ખાસ હતી. ઈન્ટર સિટી ટૂર્નામેન્ટ હતી એટલે મુંબઈ, મહેસાણા અને વડોદરાની એક એક ટીમ સામે અમદાવાદની એક જ ટીમને રમાડવાની જરૂરત હતી. તો સ્પર્ધાત્મક મુકાબલો થઈ શક્યો હતો. અમદાવાદની ત્રણ ટીમ રાખી તેથી મુકાબલો એકી તરફી થઈ ગયો. દરેક શહેરની વસ્તીની ગણતરી કરીએ તો આગલા વીકમાં અમદાવાદની ૮ ટીમોએ ભાગ લીધો હતો. નાના શહેરોમાં વસ્તીની દૃષ્ટિએ માંડ એક ટીમ બનતી હોય છે એટલે સમગ્ર જ્ઞાતિની સ્પર્ધામાં ટીમની સરેરાશ ઉંમર પણ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. રમતગમતમાં હારજીત કરતાં ખેલદીલી મહત્ત્વની છે. આ ટૂર્નામેન્ટને સામેલ તમામ લોકો માટે યાદગાર અનુભવ બનાવવા માટેના તમારા અથાક પ્રયાસો બદલ ફરી આભાર.

આભાર સહ, પંકજ શાહ-સેક્રેટરી, વડોદરા મંડળ

### અમદાવાદ મંડળના પ્રમુખ, કારોબારી સભ્યો તેમજ યુથ ફોરમના સદસ્યો

અમદાવાદ ખાતે યુથ ફોરમ દ્વારા સમગ્ર જ્ઞાતિની તાજેતરની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવા બદલ હૃદયપૂર્વક આભાર. યુથ ફોરમના સદસ્યોનું સમર્પણ, સખત મહેનત અને રમત પ્રત્યેનો જુસ્સો સમગ્ર ઈવેન્ટ દરમિયાન સ્પષ્ટ હતો. વડોદરા મંડળની ટીમ નિમંત્રણ આપવા બદલ આભાર. આપની રજિસ્ટ્રેશન ફીના રૂ.૨૧૦૦૦ વડોદરા મંડળે આપ્યા અને અમારામાં વિશ્વાસ મૂક્યો તે બદલ વડોદરા મંડળની ઉદારતાને સલામ. આપના તરફથી ખેલાડીઓને ધર્મરસિક વાટિકામાં ઉતારો આપ્યો તે થકી અમને પરમાત્માના દર્શન, વંદનનો લાભ મળ્યો એનો વિશેષ આનંદ. આ ટૂર્નામેન્ટ જબરદસ્ત સફળ રહી, અને તેનો ભાગ બનવાની તક માટે અમે આભારી છીએ. તમારા પ્રયાસોએ પ્રતિભાશાળી ખેલાડીઓ, ઉત્સાહી કાર્યકરો અને સમુદાયની ભાવનાને એકસાથે લાવી જે ખરેખર ખાસ હતી. ઈન્ટરસિટી ટુર્નામેન્ટ હતી એટલે અમદાવાદની એક જ ટીમ રાખીને જો બધી જ ટીમોને બધા જ શહેરો સાથે રમવાનો મોકો મળ્યો હોત તો તેનામાં સુગંધ ભરી જાત અને ખેલદિલી પૂર્વકનો મુકાબલો પણ થાત. ખેર, ગ્રુપિંગની આપની જે પણ વ્યવસ્થા હતી એનો સ્વીકાર કરવો જ રહ્યો. આ ટુર્નામેન્ટ સામેલ તમામ લોકો માટે યાદગાર અનુભવ બનાવવા માટેના તમારા અથાક પ્રયાસો બદલ ફરી આભાર. આભાર સહ,

વડોદરા મંડળની ક્રિકેટ ટીમ, કેયુર શાહ – શ્રેણિક શાહ

### આદરણી અમદાવાદ મંડળના સભ્યો અને આંતરશહેરી ક્રિકેટ ટુર્નામેન્ટ કમિટી

આંતરશહેરી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન ખૂબ જ શાનદાર અને વ્યવસ્થિત હતું. શનિવારે જ્યારે અમે ધર્મશાળાએ પહોંચ્યા, ત્યારે તમારું ઉષ્માપૂર્ણ સ્વાગત અને કાળજી અમારા માટે ખૂબ જ યાદગાર રહી. તમારા સમર્થન અને સહકારથી અમને એકદમ આરામદાયક અનુભવ થયો. મેચના સ્થળે બીજા દિવસે, તમારા ઔદાર્યભર્યા સ્વાગત અને મજબૂત આયોજન માટે અમારું દિલથી આભાર. મેચોમાં અમને અમદાાવાદની શ્રેષ્ઠ ટીમો સામે રમવાની તક મળી, જે અમારું સન્માન હતું. ભલે અમે મેચ જીતી ન શક્યા, પરંતુ મહેસાણા મંડળ તરીકે અમારું મુખ્ય ધ્યેય દિલ જીતવાનું હતું. અને અમને વિશ્વાસ છે કે અમે તેમાં સફળ થઈએ છીએ. આશા છે કે તમે પણ આ વાત સાથે સહમત હશો. અમે સમજીએ છીએ કે આવા કાર્યક્રમોની તૈયારીમાં ઘણું મગજમંથન થાય છે. શક્ય હોય તો ભવિષ્યમાં વધુ સંતલિત ગ્રુપિંગ અથવા ટુર્નામેન્ટ રચનાથી રમતને વધુ ન્યાયી અને રોમાંચક બનાવી શકાય છે. આટલું શાનદાર કાર્યક્રમ તૈયાર કરવા બદલ આખા અમદાવાદ મંડળને અભિનંદન અને આભાર. અમે ઘણી મજાની પળો સાથે પરત જઈએ છીએ અને આગળના કાર્યક્રમોમાં ફરી મળવાની આશા રાખીએ છીએ.

ઉષ્માભર્યા
ડૉ.ફેનિલ શાહ (કપ્તાન), પારસ શાહ (ઉપકપ્તાન) અને મહેસાણા મંડળ ટીમ

### શ્રી દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ જૈન સમાજ - મુંબઈ

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળની યુવા પાંખ યુથફોરમ દ્વારા જે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ મુંબઈ, વડોદરા, મહેસાણા તેમજ યજમાન અમદાવાદની ક્રિકેટ ટીમો ઉત્સાહ સાથે સહભાગી થયા હતા અને તેમાં ૧૮ થી ૫૦ વર્ષના યુવાનો સ્પોટ્સમેન સ્પીરીટ સાથે રમવા ઊતર્યા હતા. અમે શ્રી દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ જૈન સમાજ – મુંબઈ તરફથી પણ એક ટીમની સાથે રમતનો આનંદ માણવા પ્રત્યક્ષ રીતે ત્યાં ગયા હતા. ક્રિકેટ ટુર્નામેન્ટનું વેન્યુંની પસંદગીથી લઈને ખાણી પીણી અને ટ્રોફી ડીસ્ટ્રીબ્યુસન સુધીનું આયોજન યુથ ફોરમ દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું અને આ આયોજન માટે તેઓ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. અમો મુંબઈ સમાજ તરફથી આવા સુંદર આયોજન માટે યુથ ફોરમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીને ખુદને ગર્વાતિત અનુભવીએ છીએ. આ આયોજન થકી સમાજના વિભિન્ન શહેરોમાં વસતા યુવાનો પણ એકબીજાની નજદીક આવ્યા અને એકમેકના નામ, ગામ, કામથી પરિચિત થયા.

લિ. શ્રી દશા શ્રીમાળી સુડતાલી જ્ઞાતિ જૈન સમાજ – મુંબઈ
જતીન ડી. શાહ, સંજય આર. શાહ – સેક્રેટરી

# યુથ કમિટીની કાર્યવાહીની ઝલક




















# યુથ કમિટીની કાર્યવાહીની ઝલક


























## ✤ ✤ મહેન્દ્ર પૂરમ, અયોધ્યાપુરમ, સાળંગપુર પ્રવાસ, હનુમાન યાત્રા ✤ ✤

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ　　શ્રી તીરૂપતિ પાર્શ્વનાથાય નમઃ　　શ્રી મુનીસુવ્રતસ્વામી દાદાને નમઃ

જય જિનેન્દ્ર સાથે જણાવતાં આનંદ થાય છે કે આપણું મંડળ દર બે થી ત્રણ વર્ષે મિલન સમારંભનું આયોજન કરે છે. છેલ્લે ૨૦૧૮માં આગલોડ મુકામે યાત્રા પ્રવાસનું આયોજન કરેલ. ત્યારબાદ વચ્ચે સંજોગોવસાત સંમેલન કરી શક્યા નહીં. તે પછી ચાલુ સાલ ૨૦૨૪માં છ વર્ષ બાદ યાત્રા પ્રવાસનું આયોજન કરવાનું શક્ય થયું.

આ યાત્રા પ્રવાસ તથા મિલન સમારંભનું સ્થળ મહેન્દ્ર પુરમ જૈન તીર્થ સ્થાને તા.૨૨-૧૨-૨૦૨૪ને રવિવારના રોજે રાખેલ.

આ યાત્રા પ્રવાસમાં કૃષ્ણનગર રહેતા તેમજ બહાર રહેવા ગયેલ બધા જ આજીવન સભ્યોને સામેલ કરેલ. સૌના સાથ-સહકારથી કૃષ્ણનગરથી ચાર ૩ x ૨ લક્ઝરી બસો તેમજ પાલડીથી એક એમ પાંચ બસો તથા એક ઈનોવા તદ્ઉપરાંત અન્ય પાંચેક પ્રાઈવેટ ગાડીઓ દ્વારા કુલ ૨૫૦ વ્યક્તિઓ આ યાત્રા પ્રવાસમાં જોડાયા.

અમદાવાદથી તા.૨૧-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ રાત્રે ૧૨ કલાકે બસો ગુલાબી ઠંડીમાં સૌ આનંદ-મનોરંજન સાથે બગોદરા હાઈવે પકડી સડસડાટ ધંધુકા હાઈવે તરફ દોડી વચ્ચે ચા-પાણી કરી પાછા યાત્રા પ્રવાસ આગળ ધપાવતાં ક્યાં મહેન્દ્ર પુરમ આવી ગયા તે ખબર જ ન પડી. લગભગ સવારે ચારથી પાંચ સુધી દરેક યાત્રા સ્થળે પહોંચ્યા. ત્યાં અગાઉથી પચાસ રૂમો બુક કરાવેલ, જે દરેકને ફેમીલી વાઈઝ ફાળવણી કરી. સૌ પોતપોતાની રૂમોમાં બે કલાક આરામ કર્યો.

સવારે ૮.૧૫ કલાકે નવકારશી કર્યા બાદ સૌ તિરૂપતી પાર્શ્વનાથ દાદાની સેવા-પૂજા, સ્નાત્રપૂજા, આરતી-મંગળ દિવોનો લાભ લીધો.

બપોરે સ્વામિવાત્સલ્ય પતાવ્યા બાદ બધા જ સમયનો સદઉપયોગ કરી રંગમંડપમાં હાજર થઈ ગયા. લગભગ બપોરે ૧.૩૦ થી ૨ વાગે તપસ્વી બહુમાન, શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો. આપણી જ્ઞાતિના પ્રિતીબેને એન્કરિંગ સંભાળી પોતાની વાકછટાથી દરેકને સંબોધ્યા હતા. પછી દરેક દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું.

આ સમેલનમાં દરેક કારોબારીના સભ્યો તેમજ કમિટી મેમ્બર્સે તન, મન, ધનથી શક્ય ફાળો આપેલ છે. પ્રમુખશ્રી દિલીપભાઈએ સમગ્ર યાત્રા-પ્રવાસની જવાબદારી ઉપપ્રમુખ શ્રી હરીશભાઈને સોંપી હતી. જે ધ્યાનમાં રાખી કંઈ પણ અગવડતા ન પડે તેનું ધ્યાન રાખતાં પોતાની કોઠાસુઝથી હરીશભાઈએ તન, મન, ખંતથી આ જવાબદારી નિભાવી.

"મંડળ હરીશભાઈનો ખૂબ ખૂબ આભાર માની અનુમોદના કરે છે."

યાત્રા પ્રવાસમાં નાના-મોટા દરેક દાતાશ્રીઓનો ખૂબ જ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. દરેકનો ખૂબ ખૂબ અનુમોદના.

આપણા સમાજના બે ભાઈઓ કૃણાલ શાહ - ભાલક નિવાસી તેમજ વિમલભાઈ મોટીદાઉ જે કાલ આ તીર્થમાં સેવા આપી રહ્યા છે. સોનામાં સુગંધ ભળે તેમ આપણા પ્રોગ્રામમાં નવકારશી, સ્વામિ વાત્સલ્ય તેમજ રૂમોની વ્યવસ્થામાં જરાય કચાસ રાખ્યા વગર સારામાં સારો સુંદર એવો સહયોગ આપ્યો. તે બદલ મંડળ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે. બંનેનું મંડળ વતી બહુમાન કર્યું.

સાંજે ચાર વાગે પ્રોગ્રામ પત્યા બાદ ચા-નાસ્તો કરી બધા જ બસ દ્વારા અયોધ્યાપુરમ તીર્થ યાત્રાએ પહોંચ્યા. ત્યાં સાંજે ચૌવિહાર તેમજ દેવ-દર્શન કરી, ત્યાંથી સારંગપુર હનુમાનદાદા દર્શને ગયા. સૌએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવ્યા બાદ સૌ પોત-પોતાની બસોમાં આવી ગયા. વાતો કરતાં કરતાં સૌ લગભગ બાર વાગે અમદાવાદ પહોંચ્યા. હર્ષોલ્લાસ સહ જયજિનેન્દ્ર સાથે સૌ છુટા પડ્યા. સૌ સૌના ઘરે પહોંચ્યા.

સમગ્ર યાત્રા પ્રવાસ સુખરૂપ નિર્વિઘ્ને, સફળતાપૂર્વક પૂર્ણ થતાં કમીટી મેમ્બર્સે હાસ અનુભવ્યો હતો.

દરેકની નાનામાં નાની વાતનું ધ્યાન રાખવાની મંડળના દરેક સભ્યોએ કોશિષ કરી છે. છતાં પણ જાણતા-અજાણતાં કંઈ પણ તકલીફ પડી હોય તો દરેકને મંડળ વતી "મિચ્છામી દુક્કડમ્"

નોંધ : કૃષ્ણનગર મંડળના દરેક સભ્યોને મહાવીર જન્મ કલ્યાણના દિવસે લાડવા તેમજ ફુલવડી પેકેટ વિતરણું આયોજન કરેલ છે. સાલ-૨૦૨૪માં શ્રી ભરતભાઈ આર. શાહ (ઉનાવા નિવાસી) તરફથી યોગદાન મળ્યું. તેમજ સાલ ૨૦૨૫માં આ આયોજન મીનાબેન ચંદ્રકાન્ત શાહ દેણપ હાલ મુંબઈએ લાભ લીધેલ છે. મંડળ બંને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ છે. ખૂબ ખૂબ અનુમોદના.


શૈક્ષણિક સ્કીમમાં શ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહ - ભાલક નિવાસી તરફથી અગાઉ રૂા.૫૧૦૦૦ દાન મળેલ છે. તેમાં આ યાત્રા પ્રવાસ દરમ્યાન બીજા રૂા.૨૫૦૦નું દાન મળેલ છે. દાતાશ્રીનો મંડળવતી ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના.

જય જિનેન્દ્ર

# શ્રી કૃષ્ણનગર જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મિત્ર મંડળ યોજીત યાત્રા-પ્રવાસની ઝલક દર્શાવતી તસ્વીરો





















# શ્રધ્ધાંજલિ



# સ્વ. ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ

(ગાંભુ – હાલ: પૂના)

જન્મ તા.૨૨–૧૨–૧૯૪૮ ❁ સ્વ.તા.૦૪–૧૦–૨૦૨૪

**અશ્રુભીની આંખે નિઃશબ્દ શ્રધ્ધાંજલિ**
**પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના**

સ્વ. ચંદુલાલ કેશવલાલ ગાંભુ પરિવાર વાળા
સ્વ. રસીકલાલ શાહ - સ્વ. ચંપકલાલ શાહ
સ્વ. રતીલાલ શાહ - સ્વ. ભાઈલાલભાઈ

અશ્વીનભાઈ - કુમારપાળભાઈ - ભરતભાઈ
પીયુષભાઈ - વિજયભાઈ

અંજનાબેન - પ્રવિણાબેન - અનીલાબેન
રેખાબેન - અલ્કાબેન - હેમાંગીબેન
રેણુંકાબેન - વર્ષાબેન - નયનાબેન

## ભાવભીની શ્રધ્ધાંજલિ



# સ્વ. જયંતીલાલ સરૂપચંદ તિજોરીવાલા

(લુણવા-મંડાલી)

જન્મ તા.૨૮-૧૧-૧૯૩૩ ● સ્વ.તા.૨૫-૧૨-૨૦૨૪

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે
સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુ:ખથી કદી ડર્યા નથી,
વ્યવહાર કદી ચુક્યા નથી, ધર્મ કદી ભુલ્યા નથી,
સુખ-દુ:ખમાં સદા હસતા રહ્યા તમે,
દિલ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

## નિર્મળાબેન જયંતીલાલ તિજોરીવાલા

અતુલભાઈ જયંતીલાલ તિજોરીવાલા
પારૂલ અતુલભાઈ તિજોરીવાલા
મનાલી અતુલભાઈ તિજોરીવાલા
રૂતુલ અતુલભાઈ તિજોરીવાલા

નિમિષભાઈ જયંતીલાલ તિજોરીવાલા
ઉર્વિ નિમિષભાઈ તિજોરીવાલા
દેવાંશી નિમિષભાઈ તિજોરીવાલા
જૈનમ નિમિષભાઈ તિજોરીવાલા

સ્વ.શીલ્પાબેન મયુરભાઈ શાહ (રણુંજ)
મોનાબેન અજયકુમાર શાહ (ધીણોજ)

# અવસાન-શ્રધ્ધાંજલિ



**ભારતીબેન ચંપકલાલ શાહ**
ગામ : લણવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૩-૦૧-૨૦૨૫, શુક્રવાર



**શર્મિષ્ઠાબેન ચીનુલાલ શાહ**
ગામ : સવાળા
હાલ : નાસિક
સ્વ. તા.૦૭-૦૧-૨૦૨૫, મંગળવાર



**કોકીલાબેન રોહિતભાઈ શાહ**
ગામ : વડાવલી
હાલ : મુંબઈ
સ્વ. તા.૦૮-૦૧-૨૦૨૫, બુધવાર



**કમલાબેન ભાઈલાલભાઈ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : દાદર, મુંબઈ
સ્વ. તા.૧૧-૦૧-૨૦૨૫, શનિવાર



**ખંજનાબેન મહેશકુમાર શાહ**
ગામ : સવાળા
હાલ : મલાડ,મુંબઈ
સ્વ. તા.૨૦-૦૧-૨૦૨૫, સોમવાર



**દિનેશકુમાર અંબાલાલ શાહ**
ગામ : તરભ
હાલ : સુરત
સ્વ. તા.૨૩-૦૧-૨૦૨૫, ગુરુવાર



**ઉર્મિલાબેન હસમુખલાલ શાહ**
ગામ : ઉઝાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૫-૦૧-૨૦૨૫, શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# પરિવાર પત્રિકા

**જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)................................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)......................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ....................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ..................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ......................................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm.....................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત..................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત..................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684




**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે. સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**

**અવસાન/શ્રધ્ધાંજલી વિના મૂલ્યે ફોટા સાથે પ્રગટ કરવામાં આવે છે. જ્ઞાતિજનોએ આ અંગેના સમાચાર અમદાવાદ મંડળની ઓફિસે મોકલી આપવા.**

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. જયંતીલાલ સરૂપચંદ તિજોરીવાલા

(લુણવા-મંડાલી)

જન્મ તા.૨૮-૧૧-૧૯૩૩ ● સ્વ.તા.૨૫-૧૨-૨૦૨૪

**અશ્રુભીની આંખે.....**

**નિ:શબ્દ શ્રધ્ધાંજલિ**

**પ્રભુ આપના આત્માને ચિર:શાંતિ આપે તેવી પ્રાર્થના**

લિ.

શિલ્પાબેન મયુરભાઈ શાહ (રણુંજ)
શચી મૌનિકભાઈ શાહ
વિધિ અંકિતભાઈ શાહ
પાર્થ મયુરભાઈ શાહ
નિરજા પાર્થ શાહ
તસ્વી, પ્રશમ, ક્રિશીવ, ક્રિયા, મિશિતા

મોના અજયભાઈ શાહ (ધીણોજ)
શૈલી યશકુમાર ગાંધી
અશ્મિ સમકીતભાઈ સાવલા
નિયાંશ

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## હૃદયાંજલિ સ્મરણાંજલિ શ્રધ્ધાંજલિ

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ સંચાલીત શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાલી જ્ઞાતિ મહિલા મંડળના સંસ્થાપક અને સતત ૨૫ વર્ષોથી પ્રમુખપદની જવાબદારી અદા કરનાર, પ્રતિભાશાળી, આપણા સમાજના લોકલાડીલા, શ્રીમતી ઊર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા-હાલ:અમદાવાદ)ને અશ્રુભીની, ભાવભીની શ્રધ્ધાંજલિ.

**"ફૂંક મારીને દીપક ઓલવી શકાય, પરંતુ ધૂપશળીને નહીં**
**જે સુવાસ પ્રસરાવે તેને કોઈ ઓલવી શકે નહીં."**

પવિત્ર જીવનશૈલી એજ જેમનો ધર્મ હતો અને સમાજસેવા, તેમાંયે ખાસ કરીને મહિલા વિકાસ એજ જેમનો જીવનમંત્ર હતો, તેવા શ્રી ઊર્મિલાબેનના અરિહંતશરણ થવાથી સમાજનું અણમોલ રત્ન ગુમાવ્યાથી, જ્ઞાતિમંડળ ખૂબ ગ્લાનિ અનુભવે છે. તેમના પતિ સ્વ. શ્રી હસમુખભાઈ રમણલાલ શાહ અમદાવાદ મંડળના હોલ માટે જમીન ખરીદવાના કાર્યમાં અને ત્યારબાદ પ્રાથમિક બાંધકામ વેળા કાર્યરત હતા. વડાવલી ડૉ. ચીમનલાલ મોહનલાલ શાહના સુપુત્રી શ્રી ઊર્મિલાબેનના મોટાભાઈ સ્વ. શ્રી શશિકાન્તભાઈ અમદાવાદ મંડળની પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા અને સલાહકાર હતા. આમ શ્રી ઊર્મિલાબેનનો સમાજસેવાના સંસ્કારનો વારસો તો પરિવારમાંથી મળેલો.

કહેવાય છે કે "શ્રી ઊર્મિલાબેને સને ૧૯૯૨માં અમદાવાદ મહિલા મંડળની સ્થાપના કરી ત્યારે સભ્ય સંખ્યા ૮-૧૦ બહેનોની હતી. જે આજે ૩૩ વર્ષ પછી તેમની દીર્ઘદ્રષ્ટિ, સરળતા નિખાલસતા, પરિશ્રમ અને મહિલામંડળની કારોબારીના સર્વને પ્રેમપૂર્વક સાથે રાખવાની કાર્યકુશળતાએ આ સંખ્યા લગભગ ૫૫૦ જેટલી થઈ ગઈ છે. શ્રી ઊર્મિલાબેને મહિલા મંડળમાં ૨૫ વર્ષ સુધી સતત પ્રમુખપદ સંભાળ્યું. ત્યારબાદ પણ અંતિમ સમય સુધી સલાહકાર રહીને, માર્ગદર્શન આપતા



**શ્રીમતી ઊર્મિલાબેન હસમુખભાઈ શાહ**
(ઉનાવા–હાલ:અમદાવાદ)

"તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હ્રદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવનંતછે અમારા શ્વાસમાં,
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે,
પણ અસ્તિત્વમાં તમે છો
અને હંમેશા રહેશો એ વિશ્વાસ છે."

રહ્યા. તેમના સફળ નેતૃત્વ હેઠળ દર વર્ષે તપસ્વીઓનું બહુમાન, વાનગીસ્પર્ધા, યાત્રા-પીકનીક, અંતાક્ષરી, સ્ત્રી-રોગો વિશે પ્રવચનો, મહિલા સહાય જેવી મહિલાઓને ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન થયેલું છે. તેમની આવી આપણા જ્ઞાતિ-સમાજની ઉત્કૃષ્ટ સેવા બદલ અમદાવાદ મહિલા મંડળ તેમજ અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનું સદાય ઋણી છે."

આપણા સૌને માટે ગૌરવ અને આનંદની બાબત એ છે કે અખિલ હિંદ મહિલા પરિષદમાં પણ તેઆએ છેલ્લા ૪૨ વર્ષથી સેવા આપેલી છે.

શ્રીમદ્ રાજચંદ્રના વિચાર અને આચારમાં જીવંત શ્રધ્ધા ધરાવનાર શ્રી ઊર્મિલાબેન અજાતશત્રુ હતા. સકારાત્મક વિચારસરણી, અટલ આત્મવિશ્વાસ, દૃઢ મનોબળ, નિર્ણયશક્તિ, પ્રમાણિકતા, વાણી ઉપર સંયમ અને આગવી કોઠાસૂઝ એ તેમના વ્યક્તિત્વનાં વિશિષ્ટ પાસા હતા.

કોઈ પણ વ્યક્તિ સમાજસેવા કે મહિલા વિકાસની વણથંભી પ્રવૃત્તિઓ ત્યારે જ કરી શકે જ્યારે તેમના પરિવારના સભ્યોનો પૂર્ણ સહકાર હોય. તેમના સુપુત્ર ચિ. નયનભાઈ, પુત્રવધુ ચિ. જયશ્રીબેન, સુપુત્રી ચિ. ભાવનાબેન અને અલ્પાબેન તેમજ પૌત્ર-પૌત્રીઓનો, સમાજસેવાના આ લેખધારી શ્રી ઊર્મિલાબેનને સંપૂર્ણ સાથ-સહકાર મળેલો છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમજ અમદાવાદ મહિલા મંડળ શ્રી ઊર્મિલાબેનના દેહાવસાનથી ખાલીપો અનુભવે છે. સ્નેહ-સેવા-સમર્પણના આ વિરલ વ્યક્તિત્વને કદી વિસરશે નહિ. પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ • શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ**

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI